**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા..૧૧/૯/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૮૩૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી અને ૨૫ વ્યક્તિઓને ઝડપી ૧૦૦ લીટર દેશી દારૂ, ૨૩૩ બોટલ ઇગ્લીશ દારૂ, ૭૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૪૪ બિયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા મુજબ ૦૩ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૬૪,૯૫૩/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૩૪/૧૫**

**કૃષ્ણનગર :-** કાંતીભાઇ મણીલાલ પટેલ (રહે.ગામ: જામળા, જામળીયાવાસ, તા.કલોલ જી.ગાંધીનગર) એ તા.૧૦/૯/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૯/૧૫ સાંજના ૫/૦૦ થી તા.૯/૯/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યા દરમ્યાન ગાયત્રી રોડ ઉપર આવેલ ગીરી સોસાયટી, અંબાજી માતાનાં મંદિર પાસે, અજાણી વ્યક્તિએ ટાટા આઇશર ગાડી નંબર જીજે.૦૯.ઝેડ.૧૩૫૧ નાં ચાલક મહેશભાઇ નારણભાઇનું શરીરે માથાના ભાગે તથા ગળાનાં ભાગે ગંભીર ઇજાઓ કરી મોત નિપજાવ્યુ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૫/૧૫**

**વેજલપુર :** ગોપીબહેન દિપુભાઇ વાઘેલા (ઉ.વ.૧૭)(રહે.ગોપાલનગર, ભરવાડવાસ, વાસણા) ને તા.૨૩/૮/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી કૌશલ ઘનશ્યામભાઇ વાઘેલા (રહે. શાસ્ત્રીનગર સોસાયટી, ઘટેચી વડલાની બાજુમાં, વાલ્મીકીવાસ, ભાવનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ગોપીબહેનનાં માતા ગીતાબહેન વાઘેલાએ તા.૧૦/૯/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની મગમાળા ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૬/૧૫</u>**

**મણીનગર :-** રેવાભાઇ મુળજીભાઇ પટેલ (ઉ.વ.૬૦)(રહે.રાધે બંગ્લોઝ વિભાગ-૧, ખોખરા) એ તા.૧૦/૯/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૫/૮/૧૫ બપોરનાં ૧૨/30 વાગ્યાનાં સુમારે પત્ની સાથે મણીનગર જવાહરચોક ચાર રસ્તા નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેવાભાઇનાં પત્ની દિવાળીબહેનનાં ગળામાંથી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૫૫,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૭/૧૫</u>**

**નરોડા :** નિરવભાઇ હર્ષદભાઇ કોટક (રહે.યશ કોમ્પલેક્ષ, ગ્રીનવ્યુ હોટલની બાજુમાં, વાપી, તા.પારડી, જી.વલસાડ) એ તા.૧૦/૯/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૯/૧૫ નાં કલાક ૫/30 વાગ્યાના સુમારે આરોપી હિતેશભાઇ નવઘણભાઇ વાઘેલા(રહે.ભોજરજની ચાલી, અંબિકા ચોક, ઠક્કરનગર, નરોડા) રીક્ષા ડ્રાઇવર ફતેસિંહના મોબાઇલનો દુરપયોગ કરી, નરોડા પાટીયા ખાતેથી પ્રીન્ટીગ જોબવર્કનો માલ કુલ કિંમત રૂપિયા ૮૭,૮૫૬/- નો મેળવી લઇ, પલાયન થઇ ગયો હતો. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જગદીશભાઇ અળવેશ્વરભાઇ ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૮/૧૫</u>**

**સરદારનગર :-** પ્રકાશભાઇ અર્જુનભાઇ સોનકર (રહે.ઘનશ્યામનગર સોસાયટી, નોબલનગરની બાજુમાં, સરદારનગર) એ તા.3/૯/૧૫ રાતનાં ૯/00 વાગે રહેણાંક નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.0૧. ડી.વી.૮૪૯૪ કિંમત રૂપિયા ૧,૪0,000/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૪/૯/૧૫ સવારનાં ૧0/00 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ પ્રકાશભાઇ સોનકરે તા.૧૦/૯/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એન.સિંધી ચલાવે છે.

**મણીનગર :-** આનંદ પ્રભાકર નારગે (રહે.ધનલક્ષ્મી સોસાયટી, પુષ્પક ફ્લેટ, ગોપાલ ટાવર સામે, મણીનગર) એ તા.30/૮/૧૫ સવારનાં ૭/00 વાગે ઉત્તમનગર નૂપૂર ફ્લેટ પોતાની દુકાન આગળ પોતાની ટવેરા ગાડી નંબર જીજે.0૧.એ.ઝેડ.૯૮૮૪ કિંમત રૂપિયા 3,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૮/00 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ આનંદ નારગે એ તા.૧૦/૯/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)